# SHREE VASISHTHA VIDHYALAYA

**Gujarati 2nd Language Worksheet 2024-25**

Name : - ______________________ Std.:- IV - ________

Roll No. :- Worksheet No.Term 1-01 Date : -

પાઠ – નવરાત્રી, પાઠ-૬ એવરેસ્ટ સાથે મારી મુલાકાત, પાઠ-૭ મા ના ગુણો , પાઠ-૮ કબડ્ડી

**ગદ્યાંશ**

પ્રભુએ મનુષ્યમાત્રને એક વિશેષ જવાબદારી સોંપી છે. જરૂરતમંદ મનુષ્યની સેવા કરવી એ મનુષ્યમાત્રનો પવિત્ર ધર્મ છે. આપણી આસપાસ રહેલાં દીન-દુખિયાની આપણે શક્તિ અનુસાર સેવા કરવી જોઈએ. જગતના તમામ ધર્મોનો સૂર પણ એ જ છે: જનસેવા એ જ પ્રભુસેવા. અબુ નામના એક માણસે હજ કરવા માટે એકઠા કરી રાખેલા પૈસા તેના પાડોશીના બીમાર દીકરાની સારવાર કરાવવામાં ખર્ચી નાખ્યા. પરિણામે તે હજ કરવા ન જઈ શક્યો. તેમ છતાં, હજ કર્યા વગર પણ તેને હજનું પુણ્ય મળ્યું હતું.

**પ્ર-૧) ક) ઉપરના ગદ્યાંશ પરથી નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧) મનુષ્યમાત્રનો પવિત્ર ધર્મ કયો છે?

જરૂરતમંદ મનુષ્યની સેવા કરવી એ મનુષ્યમાત્રનો પવિત્ર ધર્મ છે.

૨) અબુ નામના માણસે શેનાં માટે પૈસા એકઠા કરી રાખેલા?

અબુ નામના માણસે હજ કરવા માટે પૈસા એકઠા કરી રાખેલા.

**ખ) ખાલી જગ્યા પૂરો**

૧) જગતના તમામ ધર્મોનો સૂર પણ એ જ છે જનસેવા એ જ પ્રભુસેવા.

૨) અબુ હજ કરવા ન જઈ શક્યો.

**પ્ર-૨) પાઠના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.**

૧) એવરેસ્ટની યાત્રા પૂરી કરવામાં બચેન્દ્રીને કેટલો સમય લાગ્યો?

એવરેસ્ટની યાત્રા પૂરી કરવામાં બચેન્દ્રીને ૬૦ કલાક અને ૪૦ મિનિટ થયા.

૨) કોણ આપણને ભીનામાંથી સૂકામાં સુવડાવે છે?

માતા આપણને ભીનામાંથી સૂકામાં સુવડાવે છે.

૩) બચેન્દ્રી એવરેસ્ટની ટોચ પર ક્યારે અને ક્યાં સમયે પહોંચી?

૨૩મે, ૧૯૮૪ના દિવસે બપોરે ૧ વાગીને ૭ મિનિટે બચેન્દ્રી એવરેસ્ટ પર પહોંચી.

૪) નેતાને બચેન્દ્રીપાલના એવરેસ્ટ પર પહોંચવાની સૂચના કોણે આપી?

નેતાને બચેન્દ્રીપાલના એવરેસ્ટ પર પહોંચવાની સૂચના લ્હાટૂએ આપી.

૫) કયા કયા સંજોગોમાં માતા આપણને સાચવે છે એ કાવ્યને આધારે જણાવો.

જ્યારે બાળક બીમાર હોય, ભુખ્યું હોય, અને ઈજા થાય ત્યારે, સૂતું હોય જેવી અનેક પરિસ્થિતિમાં બાળકના ઉછેરમાં માતા બાળકને સાચવે છે

૬) અવેજી ખેલાડી શા માટે રાખવામાં આવે છે?

કોઈ ખેલાડી ઈજાગ્રસ્ત થાય તો તેની જગ્યાએ અવેજી ખેલાડી રમે છે, તેથી અવેજી ખેલાડી રાખવામાં આવે છે.

Roshni
dr.

Scanned with OKEN Scanner

૭) વિરોધી પાલામાં ગયેલ ખેલાડી નિરંતર શું બોલતો હોય છે?

વિરોધી પાલામાં ગયેલ ખેલાડી નિરંતર કબડ્ડી-કબડ્ડી બોલતો હોય છે.

૮) બાળક જ્યારે પડી જાય ત્યારે માતા કેવી રીતે તેના ઓવારણાં લે છે?

બાળક જ્યારે પડી જાય ત્યારે માતા 'ખમ્મા' કહીને ઓવારણાં લે છે.

૯)માતા દુર્ગાની ઉત્પત્તિ કરનાર કોણ હતું?

બ્રહ્મા, વિષ્ણુ અને શિવની શક્તિના સમન્વયથી માતા દુર્ગાની ઉત્પત્તિ થઈ હતી.

૧૦) દશેરાના દિવસે કોના પૂતળાનું દહન કરવામાં આવે છે?

દશેરાના દિવસે રાવણના પૂતળાનું દહન કરવામાં આવે છે.

**પ્ર-૩) પાઠના આધારે ખાલી જગ્યા પૂરો.**

૧) બચેન્દ્રીના દલનેતા અંગદોરજી હતા.

૨) ભારતનો રાષ્ટ્રીય ખેલ હૉકી છે.

૩) દાદાજી બાળપણમાં કબડ્ડી રમત રમતા હતા.

૪) કવિ દલપતરામ માતાના સ્નેહની વાત કરી રહ્યા છે.

૫) બાંગ્લાદેશ નો રાષ્ટ્રીય ખેલ કબડ્ડી છે.

**પ્ર-૪) યોગ્ય વિકલ્પ પસંદ કરીને જવાબ લખો.**

૧) કેટલા કિલોગ્રામથી વધારે વજનવાળી વ્યક્તિ કબડ્ડી રમી શકતી નથી.

(ક)૬૫ (ખ) ૭૫ ✓(ગ) ૮૫

૨) કબડ્ડીની પ્રત્યેક ટીમમાં કેટલા ખેલાડી હોય છે?

(ક) પાંચ ✓(ખ) સાત (ગ) ત્રણ

૩) એવરેસ્ટની ટોચ પર પહોંચનાર પ્રથમ ભારતીય મહિલા કોણ હતી?

✓(ક) બચેન્દ્રી પાલ (ખ) સુનિતા વિલિયમ્સ (ગ) સોનમ પુલઝર

૪) બચેન્દ્રીના રેગ્યુલેટર પર ઓક્સિજનનું પ્રમાણ કોણે વધારી આપ્યું?

✓(ક) લ્હાટૂ (ખ) કર્નલખુલ્લર (ગ) અંગેદારજી

૫) કવિ 'મહા હેતવાળી દયાળી મા' શબ્દ કોના માટે પ્રયોજે છે?

✓(ક) માતા (ખ) મામા (ગ) માસી

**પ્રશ્ન - ૫. નીચેના વાક્યો ખરા છે કે ખોટા તે જણાવો.**

(૧) બાંગ્લાદેશનો રાષ્ટ્રીય ખેલ કબડ્ડી છે. (✓)

(૨) લ્હાટૂએ કહ્યું - 'દેશને તારા પર ગર્વ છે'. (✗)

(૩) અંગેદારજી અને બચેન્દ્રીપાલ સાઉથકોલ પર પાંચ વાગ્યા સુધી પહોંચી ગયા. (✓)

(૪) કોઈ કબડ્ડી દળ પોતાના ખેલાડી સાત વાર બદલી શકે છે. (✗)

(૫) કબડ્ડી ભારત સિવાય નેપાળ, બાંગ્લાદેશ, શ્રીલંકા, પાકિસ્તાન વગેરે દેશોમાં રમાય છે. (✓)

Scanned with OKEN Scanner